# ડીસામાં મગફળી ખરીદીની પ્રક્રિયા મંથર ગતિએ..!!

## ખેડૂતો મગફળી માર્કેટમાં વેચવા મજબૂર : કોંગ્રેસ આગેવાનોના પણ આંખ આડા કાન

ડીસા સહિત જિલ્લામાં મગફળી ખરીદીની પ્રક્રિયા એકદમ ધીમી ગતિએ ચાલી રહી છે તેમ છતાં કોંગ્રેસના નેતાઓ ઘોરે છે તેથી શિયાળુ અને લગ્નોની સીઝનને લઈ ખેડુતો માર્કેટમાં ઓછા ભાવે મગફળી વેચવા મજબૂર બન્યા છે.

કુદરતના કોપનો ભોગ બનેલા બનાસકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદે વિનાશ વેર્યો છે. ખેતી પાકોનો સોથ વળી જતા ખેડૂતો પાયમાલ થઈ ગયા છે, તેમ છતાં સરકાર સહાય આપવા અખાડા કરે છે. જાણ કર્યા વગર આડેધડ પ્રીમિયમ કાપી દેનારી વીમા કંપનીઓએ પણ ખેડૂતોથી મોઢું ફેરવી દીધુ છે. કુદરતી પ્રકોપ બાદ આ હળાહળ અન્યાય ખેડૂતો માટે પડતા ઉપર પાટુ પુરવાર થયો છે, તેમછતાં કોંગ્રેસના નેતાઓ તેમને હૈયાધારણ આપવામાં પણ ઉણા ઉતર્યા છે. ત્યારે સતત કમોસમી વરસાદના કારણે સરકારે મોટા ઉપાડે ટેકાના ભાવ જાહેર કરતા ખેડૂતો વધી ઘટી મગફળી વેચવા માંગે છે પણ તેમાં અધિકારીઓ સરકારના ઈશારે ભેજ સહિતના બહાને ખેડૂતોને રંજાડી ઈરાદાપૂર્વક મંથર ગતિએ મગફળી ખરીદે છે. તેથી શિયાળુ વાવેતર કરવા અને લગ્નની મોસમને લઈ જગતનો તાત ગણાતા ખેડૂતોને માર્કેટયાર્ડમાં ઓછા ભાવે મગફળી વેચવાનો વારો આવ્યો છે.



સરકારની ખોરી દાનતના કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે તેમ છતાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો તેમની વ્યથા સરકારમાં રજૂ કરવામાં નિષ્ફળ નિવડ્યા છે. જેના કારણે વિરોધ ન ઉઠતા શાસક પક્ષને મોકળું મેદાન મળી ગયું છે તેવો સુર ખેડૂત આલમમાં ઉઠવા પામ્યો છે.



## વડગામના તેનીવાડામાં યુવકે સુવર્ણચંદ્રક મેળવ્યો

વડગામ તાલુકાના તેનીવાડા ગામના હાર્દિકદાન સુંગભાઈ ચોધરીએ નોર્થ ગુજરાત યુનિવર્સિટી કોલેજ સ્પર્ધાની ૧૦૦ મીટર હર્ડલ દોડમાં સુવર્ણચંદ્રક મેળવી ગામ, કોલેજ અને તાલુકાનું નામ રોશન કર્યુ હતું. જેને લઈ લોકોએ હાર્દિકભાઈને અભિનદન પાઠવ્યા હતા.

# ભિલોડાના કુશ્કીના શખ્સને ભિલોડા પોલીસે દબોચ્યો

## સુરતના શખ્સને ગેરકાયદેસર પિસ્તોલ વેચી નાસતો ફરતો હતો

ભિલોડા, તા. ૨૯

અરવલ્લી જીલ્લામાં અનેકવાર ગેરકાયદેસર બંદૂક પિસ્તોલ સાથે શખ્સો ઝડપાયા હોવાની ઘટનાઓ બની છે. ત્યારે જી. સુરત)ને ગેરકાયદેસર પિસ્તોલ આપી હતી. આ અંગે અમદાવાદ શહેર ડી.સી.બી. પો.સ્ટે. સે. ગુ.ર.નં. ૩૧૧૫/૧૯ ધી આર્મ્સ એક્ટ કલમ-૨૫ (૧-



ભિલોડા તાલુકાના કુશ્કી (અઢેરા) ગામના શખ્સો સુરતમાં એક શખ્સને પિસ્તોલ વેચી નાસતો ફરતો હતો. આ અંગે અમદાવાદ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયો હતો. છેલ્લા કેટલાય સમયથી પોલીસ પકડથી દૂર આરોપીને ભિલોડા પોલીસે ભિલોડામાંથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડાના કુશ્કી (અઢેરા) ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધર્મેશ કનકસિંહ વાઘેલા (ઉં.વર્ષ-૨૮) નામના શખ્સે તેના મિત્ર જીતેન્દ્ર ઈશ્વરભાઈ પટેલ રહે . (ગામ મીઢી તા. ઓલપાડ બી) એ તથા જી.પી. એક્ટ ૧૩૫ મુજબ ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધર્મેશ કનકસિંહ વાઘેલા સામે ગુન્હો નોંધાયો હતો. ગુન્હો નોંધાતા આરોપી નાસતો ફરતો હતો. ભિલોડા પી.આઈ. મનીષ વસાવા અને તેમની ટીમે બાતમીના આધારે ભિલોડા બજારમાં ટહેલતા ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધર્મેશ કનકસિંહ વાઘેલાને દબોચી લઈ ગુન્હાના નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી હતી. ભિલોડા પોલીસે આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## અમદાવાદની નિવા ન્યુટ્રિફૂડ્ઝ દ્વારા ઓટથી સભર હેલ્ધી બ્રેકફાસ્ટ સિરિયલ ‘ફીટ એન્ડ ફ્લેક્સ’ ગ્રેનોલાની રજૂઆત

અમદાવાદ ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રના સ્ટાર્ટ-અપ નિવા ન્યુટ્રિફૂડ્ઝ એલએલપીએ શુક્રવારે તેની હેલ્ધી, ઓટ-રીચ બ્રેકફાસ્ટ સિરિયલ, ફીટ એન્ડ ફ્લેક્સ ગ્રેનોલાની રજૂઆતની જાહેરાત કરી છે. દેશની તંદુરસ્તી અને ફીટનેસ માટે સભાન વ્યક્તિઓની જરૂરિયાત પૂરી કરવાના ઉદ્દેશથી રજુ કરાયેલી કંપનીની નવા યુગની બ્રાન્ડ ફીટએન્ડ ફ્લેક્સનો હેતુ તેના ગ્રાહકોને બ્રેકફાસ્ટ અને એની ટાઈમ સ્નેકીંગ માટે આહારનો તંદુરસ્ત વિકલ્પ પુરો પાડવાનો છે. આ નવુ રજુ કરાયેલુ તંદુરસ્ત ગ્રેનોલા પોષક તત્વોથી ભરપૂર છે અને મિક્સ્ડ ફ્રૂટ, મેંગો કોકોનટ અને હેપી બેરી એમ ત્રણ વેરીયન્ટમાં ઉપલબ્ધ છે. આ પ્રોડક્ટ અંગે વધુ વિગત આપતાં નિવા ન્યુટ્રિફૂડ્ઝ એલએલપીના સ્થાપક પથિક પટેલ જણાવે છે કે ‘ફીટ એન્ડ ફ્લેક્સ ગ્રેનોલા હેલ્ધી હોવાની સાથે સાથે ખૂબ જ ક્રંચી અને ટેસ્ટી છે. તેને સમગ્ર પણે બેક કરાયેલુ હોવાથી ખૂબ જ ક્રંચી અને ટેસ્ટી છે. તે ખૂબ જ સુગંધીદાર ફલેવર ધરાવે છે અને અત્યંત પોષક છે. તે ફાઈબરથી સભર હોવાને કારણે ખૂબજ પોષણદાયક બની રહે છે અને પ્રતિકાર શક્તિમાં વધારો કરવાની સાથે સાથે ઉર્જાના સ્તરમાં વધારો કરીને હૃદયને તંદુરસ્ત રાખે છે.’

ફીટ એન્ડ ફ્લેક્સ ગ્રેનોલાની તમામ ત્રણેય ફ્લેવર્સ આ વર્ષે જુલાઈથી ગુજરાતના બજારમાં પ્રાયોગિક ધોરણે મુકવામાં આવી હતી અને તમામ ગ્રાહકોએ તેની ખૂબજ કદર કરી છે.

# તમામ આક્ષેપો તદ્દન પાયાવિહોણા : યુવાનોને ગેરમાર્ગે દોરવાનું કોંગ્રેસ બંધ કરે : અસિત વોરા

**કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા દ્વારા જાહેર કરાયેલા સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ ખાતેની સી.યુ. શાહ કોલેજના વિડીયો ફૂટેજની સંપૂર્ણ પારદર્શિતાથી તપાસ કરાશે : ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાઇ રહેલ તમામ પરીક્ષાઓ સંપૂર્ણ પારદર્શિતાથી યોજાઇ રહેલ છે**

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષ અસિત વોરાએ જણાવ્યુ છે કે, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા તાજેતરમાં બિન સચિવાલય કારકુન અને સચિવાલય ઓફીસ આસીસ્ટન્ટ વર્ગ-૩ સંવર્ગની પરીક્ષા લેવાઈ હતી તે સંદર્ભે કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડા દ્વારા કરાયેલા તમામ આક્ષેપો સંપૂર્ણ પાયાવિહોણા છે. તેમણે આજે પરીક્ષા સંદર્ભે જે વિડયો ફૂટેજ જાહેર કર્યા છે તેને રાજ્ય સરકારે અત્યંત ગંભીરતાથી લીધા છે અને તેની પણ યોગ્ય તપાસ સંપૂર્ણ પારદર્શિતાથી કરવામાં આવશે. રાજ્ય સરકાર યુવાનોને સંપૂર્ણ પારદર્શિતાથી સરકારી સેવામાં જોડી રહી છે ત્યારે આવા બેબુનિયાદ આક્ષેપો કરીને યુવાનોને ગુમરાહ કરવાનું કામ કોંગ્રેસે બંધ કરવું જોઈએ.

અધ્યક્ષ વોરાએ ઉમેર્યુ કે રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ યુવાનોને સરકારી સેવાનો લાભ મળે તે માટે વાર્ષિક કેલેન્ડર મુજબ ભરતી કાર્યક્રમ હાથ ધરીને સરકારી નોકરી યુવાનોને આપી છે તે કોંગ્રેસને આંખમાં કણાની જેમ ખૂંચે છે અને યુવાનોને ગેરમાર્ગે દોરી રહી છે. ચાવડા દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ ખાતેની સી.યુ. શાહ કોલેજના વિડીયો ફૂટેજ જાહેર કરીને રાજ્ય સરકારને બદનામ કરવામાં આવી રહી છે તેને સરકાર સહેજ પણ સાંખી લેશે નહી. આ કેન્દ્રના વિડીયો ફૂટેજની સંપૂર્ણ પારદર્શિતાથી તપાસ કરાશે. કેન્દ્રમાં લગાવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ યોગ્ય રીતે ચકાસણી કરવામાં આવશે અને આ માટે ઉમેદવારો તેમજ કેન્દ્રના નિયામકને રૂબરૂમાં બોલાવી પરામર્શ કર્યા બાદ જો તેમાં ગેરરીતિ આચરાઈ હશે તો તેમની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવા રાજ્ય સરકાર સહેજ પણ કચાશ રાખશે નહીં. ગેરરીતિમાં જે વ્યકિતઓ સંડોવાયેલી જણાશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરાશે.

## વાત્રક જમણા કાંઠાની કેનાલના સાયફનમાં ભંગાણ

# ૭ દિવસ સુધી લાખ્ખો લીટર પાણી વેડફાયું, તંત્ર ગાઢ નિંદ્રામાંથી જાગી સમારકામ

૭ દિવસ અગાઉ બામણીયાના મુવાડા નજીક વાત્રક જમણા કાંઠાના કેનાલના સાયફનમાં ભંગાણ પડતા લાખ્ખો લીટર પાણી વાંઘામાં વહી જતા શિયાળુ વાવણી સમયે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હતા. કેનાલના સાયફનમાં ગાબડું પડતા ૭ થી વધુ ગામડાના ખેડૂતો સિંચાઈથી વંચિત રહેતા ખેડૂતોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. ખેડૂતોએ જવાબદાર તંત્રમાં રજુઆત કરવા છતાં તંત્રએ થોભ્ભો અને રાહ જોવોની નીતિ અપનાવી હોય તેમ ૬ દિવસ પછી ગાઢ નિંદ્રામાં પોઢેલ તંત્ર સફાળું જાગી કેનાલમાં પડેલા ભંગાણમાં સમારકામ હાથ ધરવામાં આવતા ખેડૂતોએ હાશકારો અનુભવ્યો હતો.



બામણીયાના મુવાડા નજીક વાત્રક જમણા કાંઠાની કેનાલના સાયફનમાં ભંગાણ થતા લાખ્ખો લીટર પાણી વાંઘામાં વહી જતા ધામણીયા, બીલવાણીયા, શરડીકંપા, રામાપીરની સીમમાંથી પસાર થતી આ કેનાલમાં પૂરતું પાણી ન આવતા ખેડૂતો શિયાળુ ખેતીમાં અટવાયા હતા. ૭ દિવસ સુધી લાખ્ખો લીટર પાણી વહ્યા પછી જાણે જવાબદાર તંત્ર ગાઢ નિંદ્રામાંથી જાગી કેનાલના સાયફનમાં પડેલા ભંગાણની સમારકામની કાર્યવાહી હાથ ધરી હતી.

## રેડિએશન ઓન્કોલોજીની વાર્ષિક કોન્ફરન્સ શરૂ

# દેશમાં દર વર્ષે કેન્સરના એક લાખથી વધારે કેસ નોંધાય છે

અમદાવાદ, તા.૨૯

ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ(જીસીઆરઆઇ) અને એસોસીએશન ઓફ રેડિએશન ઓન કોલોજિસ્ટ્સ ગુજરાત ચેપ્ટર (એઆરઓઆઇ-ગુજરાત ચેપ્ટર) દ્વારા ગુજરાત યુનિવર્સિટી કન્વેનશન એન્ડ એકઝીબીશન સેન્ટર ખાતે આજે તા.૨૮ નવેમ્બર થી તા.૧ ડિસેમ્બર, ૨૦૧૯ સુધી ૪૧માં વાર્ષિક પરિષદનો આજે ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. આજના પ્રથમ દિવસે કોન્ફરન્સમાં રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સહિતના મહાનુભાવોએ ખાસ હાજરી આપી હતી અને પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. ચાર દિવસીય આ કોન્ફરન્સ માટે દેશ-વિદેશમાંથી નિષ્ણાત તબીબો, સંશોધકો, તજજ્ઞો સહિત ૧૫૦૦થી વધુ ડેલીગેટ્સ ભાગ લઇ રહ્યા છે. રેડિએશન ઓન્કોલોજીની બહુ જ મહત્વની એવી આ કોન્ફરન્સમાં ૫૧૨થી વધુ એબસ્ટ્રેકટ સબમીશન અને રિસર્ચ પેપર રજૂ કરવામાં આવશે, જે ઐતિહાસિક અને અભૂતપૂર્વ ઘટના હશે. આજના પ્રથમ દિવસે ભારતમાં કેન્સર રોગના ફેલાવા અને તેને અટકાવવા, તેની સારવાર, તેના નિવારણ માટેની એડવાન્સ ટેકનોલોજી, સારવાર પધ્ધતિ અને ઉપાયો વિશે મહત્વપૂર્ણ ચર્ચાવિચારણા હાથ ધરાઇ હતી. એસોસીશન ઓફ રેડિયેશન ઓન્કોલોજીસ્ટ્સ ઓફ ઈન્ડિયા (એઆરઓઆઈ)ના પ્રમુખ ડો.રાજેશ વશિષ્ઠ અને એરોઇકોન-૨૦૧૯ ના ઓર્ગનીઝીંગ સેક્રેટરી ડો. પૂજા નંદવાણી પટેલે જણાવ્યું હતું કે, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર-૨૦૧૯ના આંકડા) અનુસાર, ભારતમાં કેન્સરના ૨.૨૫ મિલિયન કેસો છે અને દર વર્ષે નવા એક લાખ કેસો નોંધાય છે.

૨૦૧૮માં આ રોગને લીધે ૭ લાખ દર્દીના મોત નીપજ્યાં હતાં. ૨૦૨૦ સુધીમાં દેશમાં કેન્સરના ૧૭ લાખ નવા કેસો નોંધાશે અને આશરે ૮ લાખ લોકો મૃત્યુ પામશે. આ પડકાર સામે વધુ બહેતર રીતે લડવા માટે વૈજ્ઞાનિક શિડ્યુલમાં કી નોટ લેક્ચર્સ, ડિબેટ્સ તથા પેનલ ડિસ્કશન્સનો સમાવેશ કરાયો છે, જે પ્રતિષ્ઠિત તબીબો તથા રિસર્ચર્સને નવા સંશોધનો અને નવી બાબતો વિશે ચર્ચા કરવા, તેમના તબીબી અનુભવો રજૂ કરવા તથા કેન્સરના દર્દીઓને સર્વોત્તમ સારવાર અને કાળજી ઉપલબ્ધ બને તે ઉપરાંત કેન્સરના મહારોગને નાથવા તબીબોને સજ્જ બનાવવા માટે પુરાવા આધારિત સહમતિ સાધવા મંચ ઉપલબ્ધ બનાવશે. ભારતમાં પાછલા કેટલાક વર્ષોમાં મોઢા, ગળા અને ગાયનેકના કેન્સરના પ્રમાણમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. કેન્સરની રેડિએશન, કીમોથેરાપી, ઓપરેશન-સર્જરી અને પ્રોટોન થેરાપી દ્વારા સારવાર અપાય છે પરંતુ તેમાં હવે નવી અને એડવાન્સ્ડ ટેકનોલોજી અને મશીનરી દ્વારા દર્દીને કેવી રીતે ઓછુ દર્દ થાય, ઓછી આડઅસર થાય અને બને ત્યાં સુધી તેના સ્તન સહિતના સંબંધિત અંગો કાપ્યા વિના જ સારવાર આપી શકાય તે દિશામાં ઐતિહાસિક પહેલ થઈ રહી છે. પ્રોટોન થેરાપી ખાસ કરીને બાળકો માટે ફાયદાકારક છે કારણ કે, તેમાં જે તે અંગ અથવા તો હિસ્સાને ફોકસ કરી રેડિએશન કરાય છે અને સારવાર અપાય છે.

## બિનસચિવાલય પરીક્ષા ફરી શંકાના ઘેરામાં

# મોબાઈલ ફોન સાથે વિદ્યાર્થી કેમેરામાં કેદ : તપાસની માંગ

## સીસીટીવી ફુટેજમાં એક વિદ્યાર્થી મોબાઇલની સાથે પરીક્ષા આપતો કેદ : પરીક્ષા રદ કરવા માંગણી : કોંગ્રેસના પ્રહારો

અમદાવાદ, તા.૨૯

રાજયમાં તાજેતરમાં લેવાયેલી બિન સચિવાલય ક્લાર્ક તથા ઓફિસ આસિસ્ટન્ટ વર્ગ-૩ની ૩૯૦૧ જગ્યાની પરીક્ષામાં ગેરરીતિ થઈ હોવાના ગંભીર આરોપ લગાવવાની સાથે તેના પુરાવા રૂપે વિપક્ષ કોંગ્રેસ દ્વારા સીસીટીવી ફુટેજ પણ જાહેર કરવામાં આવ્યા હતા. જેને પગલે ફરી એકવાર રાજકારણ ગરમાયું છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સ કરીને તેના પુરાવા રૂપે સુરેન્દ્રનગરના બે સેન્ટરોના સીસીટીવી ફુટેજ પણ જારી કર્યા હતા. સીસીટીવી ફૂટેજમાં એક પરીક્ષાર્થી મોબાઈલ સાથે પરીક્ષા આપતો દેખાયો હતો. બીજીબાજુ, કોંગ્રેસના આરોપ બાદ ગુજરાત પસંદગી ગૌણ સેવા મંડળ બચાવમાં જોવા મળ્યું હતું અને કાર્યવાહી કરવાના સંકેત આપ્યા હતા. કોંગ્રેસે સરકાર પર પણ આકરા પ્રહારો કર્યા હતા અને આ પરીક્ષા રદ કરવાની ઉગ્ર માંગણી કરી હતી. કોંગ્રેસે સીસીટીવી જાહેર કરીને બિન સચિવાલયની પરીક્ષામાં ગેરરીતિનો આરોપ લગાવતાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (જીપીએસસી) બચાવની મુદ્રામાં જોવા મળ્યું હતું. જીપીએસસીના ચેરમેન આસિત વોરાએ એક તબક્કે ગેરરીતિ કરનાર સામે પગલાં ભરવા હૈયાધારણ આપી હતી, સાથે સાથે જે તે વિસ્તારના કેન્દ્રના જવાબદારો સામે કડકમાં કડક પગલાં લેવા માટે જણાવ્યું હતું. કોંગ્રેસે સીસીટીવી ફુટેજ જાહેર કરી જણાવ્યું હતું કે, સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણની એસ.એમ વિદ્યાલયમાં ૧૨-૦૦ થી ૨-૦૦ વાગ્યા સુધીની પરીક્ષા દરમિયાન એક યુવક ૧-૧૪ વાગે કલાસરૂમ છોડીને બહાર જાય છે અને અંદાજે ૩૦ મિનિટ બાદ કલાસરૂમમાં પરત આવે છે અને આવ્યા બાદ ચિઠ્ઠીમાંથી જવાબ લખતો નજરે પડે છે.અન્ય એક કિસ્સામાં સી.યુ.શાહ ઈંગ્લીશ સ્કૂલમાં પણ મોબાઈલ ફોન અને નેટના ઉપયોગ પર પ્રતિબંધ હોવા છતાં એક યુવક ૧-૧૪ વાગે મોબાઈલ ફોનનો ઉપયોગ કરતો દેખાય છે અને પરીક્ષા પૂર્ણ થતાં જવાબવાહીનો ફોટો પોતાનો મોબાઈલમાં કેદ કરતો દેખાય છે. મામલાનો એનએસયુઆઈ અને ગુજરાત કોંગ્રેસ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો હતો અને પરીક્ષા રદ કરવાની માંગણી કરવામાં આવી છે. કોંગ્રેસે રાજ્યમાં છેલ્લે લેવાયેલી ૧૧ પરીક્ષામાં ગેરરીતિ આચરાઈ હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. સાથે સાથે ભાજપ સરકાર વિરુદ્ધ કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો હોવાનું પણ કોંગ્રેસે આક્ષેપ કરી સરકાર પાસે તમામ કેન્દ્રોના સીસીટીવીની માંગણી કરી છે. આ મામલો મધ્યપ્રદેશના વ્યાપમ કૌભાંડથી પણ મોટું કૌભાંડ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સમગ્ર મામલે સરકાર દ્વારા પગલાં લેવામાં નહીં આવે તો કોંગ્રેસે આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

### વિશ્વાસનો મત

● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્યા હતા અને પોતાની સરકારની પહેલી કેબિનેટ બેઠક પણ યોજી હતી. ઠાકરે ઉપરાંત ત્રણેય પાર્ટીના બબ્બે વિધાનસભ્યોએ કેબિનેટ પ્રધાન તરીકે શપથ લીધા હતા.

### સપ્તાહ ઉજવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરોડનો લાભ તંત્ર દ્વારા ચુકવી આપવામાં આવેલ છે.

તાજેતરમાં જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાની સમીક્ષા કરી હતી અને તેમણે આ યોજનાનો વધુ પ્રચાર-પ્રસાર થાય તેના પર ભાર મુક્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારી રાવલે સગર્ભા માતાની થતી નોંધણી સમયે તેમજ મમતા દિવસની ઉજવણી દરમ્યાન આ દિશામાં કાર્યવાહીને સઘન બનાવવા માટે પણ સૂચન કર્યુ હતુ.

તંત્ર દ્વારા આ યોજના અંતર્ગત આખા સપ્તાહની ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તંત્ર આરોગ્ય વિભાગ સાથે સંકલનમાં રહી આ સપ્તાહની ઉજવણી કરશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

### સ્વર્ગની વાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારે અભેસિંહને સ્વપ્રેય ખ્યાલ નહીં હોય કે આ સંવાદ હકીકત બની જશે. બિમારીના પગલે અભેસિંહ વાઘેલાનું અવસાન થયું હતું અને જેને પગલે તેમના પત્નિ ઈન્દ્રાબા એટલાં આઘાતમાં સરી પડ્યા કે સ્વજનો જ્યાં સુધીમાં સ્મશાનેથી અભેસિંહના મૃતદેહની અંતિમ ક્રિયા કરીને પરત ફર્યા ત્યાં સુધીમાં તો ઈન્દ્રાબાએ પણ પોતાના પ્રાણ ત્યાગી દીધાં હતા. આમ પતિના મૃત્યુના આઘાતથી પત્નિએ પણ તે જ દિવસે આ ફાની દુનિયા છોડી પતિના પગલે સ્વધામની વાટ પકડી લેતાં તેમના તમામ સ્વજનોમાં ઘેરા શોકની લાગણી ફેલાવા સાથે બંનેના પરસ્પરના પ્રેમ પ્રત્યે અહોભાવ પણ ફેલાવા પામ્યો હતો. આ વાત પણ વાયુવેગે સમગ્ર સેક્ટર-૨૪માં અને શહેરમાં ફેલાતા શહેરીજનો પણ પતિ-પત્નિના આ “અજબ પ્રેમની ગજબ કહાની” સાંભળી દંગ રહી જવા પામ્યાં હતા.

### કામ અટવાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાઈપલાઈન વર્ષો જુની હોવાથી પાણીનો સપ્લાય ફોર્સથી કરવાનુ મુશ્કેલ બન્યુ હોવાનો રોષ પણ અગાઉ ઉઠવા પામ્યો હતો. જેના લીધે આ ગામોમાં પાઈપલાઈન અપગ્રેડ કરવા માટે પણ કાર્યયોજના તૈયાર કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી આ કામ થઈ શક્યુ નથી જેના લીધે આગામી ઉનાળાની ગરમીના દિવસોમાં પાણીની સમસ્યા જટીલ બને તેવી પણ સંભાવના છે. શહેરી વિસ્તારના ગામોમાં પાણી ફોર્સથી પુરુ પાડવા માટે બોર તેમજ ટાંકી અને સંપ બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. પરંતુ પાઈપલાઈનને અપગ્રેડ કરવાનુ કામ હજુ બાકી રહેતા પાણીની પોકાર યથાવત છે.

### માફી માગી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને ત્યારબાદ પ્રજ્ઞાએ સંસદમાં બિનશરતી માફી માંગી હતી. આમ ભાજપના સાંસદને ગોડસેના મામલે બબ્બેવાર માફી માંગવી પડી અને તે પછી જ આ સમગ્ર મામલો થાળે પડ્યો હતો. આજે શુક્રવારે સવારે લોકસભાની બેઠક મળી ત્યારે ગૃહમાં કોંગ્રેસના નેતા અધિર રંજન ચૌધરીએ અને અન્ય વિપક્ષી સભ્યોએ સાધ્વી ઠાકુરની વિવાદી ટિપ્પણીનો મુદ્દો ઉઠાવ્યો હતો.

ચૌધરીએ કહ્યું કે આવી ટિપ્પણીઓ સદનમાં અધ્યક્ષના સ્થાનના ગૌરવને પણ નુકસાન પહોંચાડે છે અને ગૃહના સંરક્ષક તરીકે સ્પીકરે તાકીદે પગલા ભરવા જોઈએ. ત્યારબાદ વિપક્ષી સભ્યોએ પ્રજ્ઞાએ સદનની માફી માંગવી જોઈએ અને તેમને ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવાની માંગણીને લઈને ભારે હોબાળો મચાવતા સદનમાં ઉત્તેજના વ્યાપી ગઈ હતી.

જો મારી ટિપ્પણીઓને લઈને કોઈને પણ કોઈપણ રીતે નુકસાન પહોંચાડ્યું હોય તો હું દિલગીર છું અને માફી માંગું છું. ગૃહનું નામ લીધા વિના તેમણે કહ્યું કે ગૃહમાં મારી ટિપ્પણીઓને અવળી રીતે રજૂ કરવામાં આવી હતી.

ઠાકુરે એમ પણ કહ્યું હતું કે તેઓ દેશમાં મહત્વનો ફાળો આપવા બદલ મહાત્મા ગાંધીનું સન્માન કરે છે અને તેમને શ્રદ્ધાંજલિ આપે છે. ભોપાલના સાંસદે કહ્યું કે તેમની ટિપ્પણી અલગ સંદર્ભમાં છે.

કાંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગઈકાલે સાધ્વીના ગોડસેવાળા નિવેદનની ટીકા કરીને એક ટ્વીટમાં પ્રજ્ઞાસિંહ માટે આતંકી શબ્દનો પ્રયોગ કર્યો હતો. તેને લઈને આજે લોકસભામાં પ્રજ્ઞાસિંહે રાહુલનું નામ લીધા વગર પ્રહારો કર્યા કે ×એક સભ્યએ જાહેરમાં મને આતંકવાદી ગણાવી છે, જોકે મને અદાલત દ્વારા નિર્દોષ જાહેર કરવામાં આવી છે,આવી ટિપ્પણી કરવી પણ કાયદાની વિરુદ્ધ છે. સાંસદે એમ પણ કહ્યું હતું કે અદાલત દ્વારા નિર્દોષ જાહેર કરવામાં આવ્યાં હોવા છતાં પણ સાંસદ દ્વારા તેને આતંકવાદી ગણાવી છે.

તેના પગલે ફરીથી સદનમાં હોબાળો મચ્યો હતો અને ભાજપ તથા સાધ્વીની વિરૂધ્ધમાં ભારે સૂત્રોચ્ચારો કરવામાં આવ્યાં હતા. તેઓએ કહ્યું કે મહિલા સાંસદની માફી શરતી છે, જે અયોગ્ય છે. તેમણે બિનશરતી માંગવી જોઈએ.

બન્ને તરફે શોરબકોરને જોતાં અધ્યક્ષે ત્યારબાદ તેનો કોઈ રસ્તો કાઢવા માટે વિવિધ રાજકીય પક્ષોના નેતાઓની બેઠક બોલાવી હતી. જેમાંમુખ્ય વિપક્ષી પાર્ટીએ ઠાકુરને ગૃહમાંથી સસ્પેન્ડ કરવાની માંગ કરી હતી. જો કે ત્યારબાદ પ્રજ્ઞાસિંહ બિનશરતી માફી માંગે એવું નક્કી થયું અને તે પછી પ્રજ્ઞાએ સંસદમાં આવીને બિનશરતી ફરીથી માફી માંગતા આખરે મામલો થાળે પડ્યો હતો.